વિવિધ યોજનાઓ અંતર્ગત બજેટ, ડીમાન્ડ, ગ્રાન્ટની ફાળવણી, ખર્ચની મંજુરી, એ.યુ.સી., રીવેલીડેશન, રીફન્ડ વગેરે માટે સક્ષમ યુનિવર્સિટી અધિકારીશ્રી મારફત દરખાસ્ત / પત્ર વ્યવહાર કરવા બાબત.........

## હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં. આ.કૃ.યુ. / હિ.નિ. / કન્ટ્રોલ શાખા / ૫૧૦૧ / ૨૦૧૮

તા. ૦૧/૧૧/૨૦૧૮

## ::: પરિપત્ર :::

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજના આચાર્યશ્રીઓ / તમામ યુનિટ અધિકારીશ્રીઓ અને તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે નીચે મુજબની યોજનાઓ અંતગર્ત બજેટ, ફન્ડીગ એજન્સીને મોકલવાની થતી ડીમાન્ડ, ગ્રાંટની ફાળવણી, **પગારભથ્થા / રીકરીંગ / નોન-રીકરીંગ / બાંધકામ** સદરે ખર્ચની મંજુરી, ગ્રાંટ યુટીલાઇઝેશન સર્ટીફીકેટ, ગ્રાંટ રીવેલીડેશન, યોજનાઓનો અમલ અથવા તો યોજના બંધ કરવા તેમજ જે તે ફન્ડીગ એજન્સીને બચત રકમ પરત કરવા વગેરે અંગેનો પત્ર વ્યવહાર અથવા તો દરખાસ્ત નીચે મુજબના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ મારફતે ભલામણ મેળવી હિસાબ નિયામકશ્રીની કચેરીને કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) સંશોધનને લગતી યોજનાઓ અને પી.જી. સ્ટડીઝને લગતી યોજનાઓ બાબતનો પત્ર વ્યવહાર સંશોધન નિયામકશ્રી અને ડીન પી.જી. સ્ટડીઝ મારફત કરવા બાબત........................................................................

આપની કચેરીમાં ચાલતી સંશોધનને લગતી યોજનાઓ જેવી કે પ્લાન / આઇ.સી.એ.આર. / આર.કે.વી.વાય. / અધર એજન્સી પ્રોજેક્ટ / રીવોલ્વીંગ ફંડ / મેગા સીડ યોજના તેમજ પી.જી. સ્ટડીઝને લગતી યોજના અંગેનો પત્ર-વ્યવહાર **સંશોધન નિયામકશ્રી અને ડીનશ્રી પી.જી. સ્ટડીઝ, આ.કૃ.યુ., આણંદ મારફત / ભલામણ મેળવી અત્રેની કચેરીમાં કરવા આથી જણાવવામાં આવે છે.**

(૨) વિસ્તરણ શિક્ષણને લગતી યોજનાઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કે.વી.કે.) લગતી યોજનાઓ બાબતનો પત્ર વ્યવહાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી મારફત કરવા બાબત..........................................................................................

આપની કચેરીમાં ચાલતી વિસ્તરણ શિક્ષણની યોજનાઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની યોજનાઓ અંગેનો પત્ર-વ્યવહાર **વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ. મારફત / ભલામણ મેળવી અત્રેની કચેરીમાં કરવા આથી જણાવવામાં આવે છે.**

(૩) વિધાર્થીઓને ચુકવવામાં આવતી સ્કોલશીપ / સ્ટાઇપેન્ડ / ફેલોશીપ યોજનાઓ બાબતનો પત્ર વ્યવહાર કુલસચિવશ્રી અથવા નિયામકશ્રી, વિ્ધાર્થી કલ્યાણ જે લાગુ પડે તેના મારફત કરવા બાબત.................................

**આપની કોલેજમાં વિધાર્થીઓને ચુકવવામાં આવતી સ્કોલશીપ / સ્ટાઇપેન્ડ / ફેલોશીપ યોજનાઓ જેવી કે પ્લાન યોજના અંતર્ગત સ્નાતક અને અનુસ્નાતક ફેલોશીપ, આર્થીક રીતે ગરીબ વિધાર્થીઓને અપાતી સ્કોલરશીપ, નેશનલ ટેલેન્ટ સ્કોલરશીપ બાબતનો પત્ર વ્યવહાર નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ અને અન્ય સ્કોલશીપ / સ્ટાઇપેન્ડ / ફેલોશીપ યોજનાઓ બાબતનો પત્ર વ્યવહાર કુલસચિવશ્રી મારફત / ભલામણ મેળવી અત્રેની કચેરીમાં કરવા આથી જણાવવામાં આવે છે.**

(૪) નોન પ્લાન યોજના, ઇનકમ ટેક્ષ, જીએસટી ટીડીએસ અંગેનો પત્ર વ્યવહાર હિસાબ નિયામકશ્રીને કરવા બાબત......

આપની કચેરીમાં ચાલતી નોન પ્લાન યોજનાઓ, ઇનકમ ટેક્ષ અને જીએસટી ટીડીએસ અંગેનો પત્ર-વ્યવહાર **અત્રેની કચેરીને કરવા આથી જણાવવામાં આવે છે.**

હિસાબ નિયામક

નકલ રવાના જાણ અને અમલ સારૂ :-

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

નકલ સવિનય રવાના :-

(૧) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૩) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૪) નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.